## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હે લક્ષ્મીજી... આ વખતે સીધી તમારી જ પૂજા કરીશ... ધન હતુ તે જનધનમાં મૂકી આવ્યો... અને બાકીના પૈસાથી ગોલ્ડ બોન્ડ, અને એ ગોલ્ડ એમની પાસે જ છે...!!





બિહારનું ચૂંટણી પરિણામ જાહેર થતા ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએની કારમી હાર થતા આજે ગાંધીનગરમાં કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનોએ ઘ-૫ સ્થિત શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી. બિહારમાં મહાગઠબંધનનો વિજય થતા ભાજપ સહિત એનડીએમાં ભારે સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. દિલ્હી બાદ બિહાર ચૂંટણીના ભાજપના તમામ દાવાઓ પોકળ અને તમામ એક્ઝીટ પોલ ખોટા પડતા કોંગ્રેસ સહિત આર.જે.ડી. અને જનતા દળ (યુ)માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

બિહારમાં મહાગઠબંધન પક્ષનો મહા વિજય થતા આ શાનદાર જીતની ગાંધીનગરમાં પણ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ગાંધીનગર કોંગ્રેસના નેતાઓ સુર્યસિંહ ડાભી, ડૉ. કૌશીક શાહ, હિમાંશુ પટેલ, મુકેશભાઈ પટેલ, પ્રવિણ પટેલ, કોર્પોરેટરો, ધારાસભ્યો સહિત એન.એસ.યુ.આઈ. ના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને જાહેરમાં ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ભાજપના નેતા શ્રી નરહરિ અમીન ગઈકાલે મોડી રાત્રે કોંગી અગ્રણી અને વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાન "વસંત વગડે" પહોંચતા રાજકીય અટકળો તેજ બની છે.

● ભાજપના મોટાભાગના ઉમેદવારો આજે ઉમેદવારી નોંધાવવા પહોંચશે

● દિપાવલીના પર્વોમાં જિલ્લાતંત્રના અધિકારીઓની કચેરી કાર્યરત રહેશે.

● જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રચારના લાભ પાંચમ પછી શ્રી ગણેશ થશે.

● ગાંધીનગરમાં દિપાવલી પર્વના છેલ્લા દિવસોમાં ખરીદી ખુલી.

# ડ્રાઈવરને રૂમાલ સુંઘાડીને પેસેન્જર્સ ગાડી લૂંટી ગયા

**અડાલજ ટોલટેક્ષથી થોડે દૂર મોડી સાંજે અંધારામાં ઘટના બની હતી : ગાડી અને મોબાઈલ મળી રૂ. ૫.૫૧ લાખની મત્તાની લુંટ : ડ્રાઈવર ભાનમાં આવ્યો ત્યારે તે ગાંધીનગર જિલ્લામાં પણ ન હતો**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક અડાલજ ટોલટેક્ષથી થોડે દૂર મોડી સાંજના અંધારામાં ડ્રાઈવરને લુંટી લઈ મુસાફરો ફરાર થઈ ગયાની ચકચારી ઘટના બનવા પામી હતી. જો કે દસ દિવસ પહેલા બનેલી આ લુંટની ઘટના પ્રકરણમાં ડ્રાઈવરે બરોડા પહોંચી ત્યાં ફરીયાદ નોંધાવી હતી. જે શૂન્ય નંબરથી અડાલજ પોલીસ મથકમાં ટ્રાન્સફર કરવામાં આવતા પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. રૂ. ૫.૫૦ લાખની ઈન્ડીગો ગાડી અને એક મોબાઈલ મળી રૂ. ૫.૫૧ લાખની મત્તાની લુંટ થઈ હોવાની ફરીયાદ ડ્રાઈવરે નોંધાવી છે.

વડોદરા શહેરના ગાયત્રીપુરા વિસ્તારમાં રહેતા અને નાના પાયે ટ્રાવેલ્સનો વ્યવસાય કરતાં મનોજભાઈ પ્રભાતભાઈ મારવાડી ચાર મુસાફરો પોતાની ઈન્ડીગો ગાડી નં. જીજે.૬.એવી.૩૫૨૦માં બેસાડીને ગાંધીનગરના અડાલજ ટોલટેક્ષ પાસેથી ૨૯ ઓક્ટોબરે મોડી સાંજે નીકળ્યા હતા. અંધારામાં અડાલજ ટોલટેક્ષથી થોડે દૂર ગાડી ઉભી રાખીને મનોજભાઈ બાથરૂમ માટે ગયા અને પરત આવ્યા ત્યાં મુસાફરો પૈકી એક શખ્સે રૂમાલ સુંઘાડીને મનોજભાઈને અર્ધબેભાન કરી દીધો અને જ્યારે ભાનમાં આવ્યા ત્યારે જિલ્લા બહાર ક્યાંક પડ્યા હતા. મુસાફરો ઈન્ડીગો ગાડી અને મોબાઈલ મળી ડ્રાઈવર પાસેથી રૂ. ૫.૫૧ લાખની મત્તાની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બરોડા પોલીસમથકે ડ્રાઈવરે ફરીયાદ નોંધાવતા બરોડા પોલીસે અડાલજની હદમાં બનાવ બન્યો હોવાથી શૂન્ય નંબરથી ફરીયાદ ટ્રાન્સફર કરી છે. અડાલજ પોલીસે ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.





દિપાવલી પર્વે સુખ, ઐશ્વર્ય અને સમૃધ્ધિની દેવી મા લક્ષ્મીને આવકારવા રંગોળી સજાવાય છે. આંગણે પુરેલી રંગોળીના રંગો મનના ભાવ વ્યકત કરે છે, પર્વની ખુશ સજાવે છે. એમાં પણ દિકરીના હાથે સજાવેલી રંગોળી હોય તો આંગણું અચુક દિપી ઉઠે છે. સેક્ટર-૭માં શહેરના જાણીતા ચિત્રકાર અને કર્મચારી અગ્રણી વત્સલ વોરાની દિકરી હિમા વોરાએ આબેહૂબ રંગોળી દ્વારા આંગણામાં રંગોનો અજવાસ પાથર્યો છે.

## પરિણામ અટકાવવાનો પત્ર અપ્લોડ કરવો પડશે

અમદાવાદ, તા.૮

ગત વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જે વિદ્યાર્થીઓનું જે વિદ્યાર્થીઓનું જે વિષયનું પરિણામ અટકાવવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીનાં આ વખતે પરીક્ષા ફોર્મ ભરતી વખતે વિષયમાં યુએફએમ લખીને ફોર્મ ભરી શકશે. જે વિદ્યાર્થીઓનું સમગ્ર પરિણામ અટકાવવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓ પણ યુએફએમ લખીને ફોર્મ ભરી શકશે. તેમજ બોર્ડ તરફથી મળેલ પરિણામ અટકાવવાનો પત્ર અપ્લોડ કરવાનો રહેશે. શાળા દ્વારા બેંકમાં ચલણ ભર્યા બાદ ૩ થી ૪ દિવસમાં બોર્ડ દ્વારા બેંક સાથે વેરીફીકેશન કરવામાં આવશે.

# ગાંધીનગર શહેરમાં ઠંડીનું મોજુ

**ઉત્તર ભારતની તીવ્ર ઠંડીની અસરથી તાપમાનમાં ઘટાડો : લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રી : એક અઠવાડીયામાં પાંચ ડીગ્રી તાપમાન ગગડ્યુ**

ગાંધીનગર, તા. ૮

ધીમે ધીમે ઠંડી જોર પકડી રહી હોય તેવો માહોલ સર્જાઈ રહ્યો છે. ગયા અઠવાડીયે ૨૦-૨૧ ડિગ્રીએ રહેલુ લઘુત્તમ તાપમાન એક અઠવાડિયામાં જ ૪ થી ૫ ડિગ્રી જેટલુ ઘટીને આજે ૧૬ ડિગ્રીએ પહોંચી જતાં રાત્રીના સમયે વાતાવરણમાં ઠંડક છવાઈ જાય છે.

હિમાચલપ્રદેશના ઉચ્ચ પહાડી વિસ્તારોમાં આજે ઠંડીના પ્રમાણમાં વધારો થયો હતો અને પારો પણ ખુબ નીચે આવી ગયો હતો. કેટલાક સ્થળોએ પારો પાંચ ડિગ્રીથી નીચે જતો રહ્યો હતો. હિમાચલ પ્રદેશ અને ઉત્તર ભારતના વિસ્તારોમાં વધી રહેલી ઠંડીની સીધી અસર ગુજરાત પર જોવા મળી રહી છે. ગુજરાતના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ઘટ્યું હતું. એક અઠવાડિયા અગાઉ ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૨૦-૨૧ ડિગ્રી નોંધાયું હતું તે આજે ઘટીને ૧૬ ડિગ્રીએ પહોંચી જતાં વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી.

ઠંડીની મૌસમ ધીમે ધીમે શરૂ થતાં અંધારૂ વહેલુ થઈ જાય છે. સાંજે છ વાગ્યા પછી અંધારૂ થવાની શરૂઆત થઈ જાય છે. અંધારૂ વહેલુ થતાં તથા ઠંડીમાં વધારો થતાં શહેરમાં વાહનોની અવરજવર ઘટી જાય છે. દિવાળીનો માહોલ હોવા છતાં બજારોમાં સાંજ પછી ભીડ ઓછી થતી જાય છે. ઘ-૫ અને સેક્ટર-૬ના મેદાનમાં લાગેલા તીબેટીયન બજારોમાં ગરમ વસ્ત્રોની ખરીદીમાં વધારો જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થશે તો સ્વેટર, શાલ, જેકેટ સહિતના ગરમ વસ્ત્રોની ખરીદીમાં વધુ તેજી આવવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ઉત્તર ભારત સહિતના કેટલાક વિસ્તારોમાં બરફ વર્ષા થવાની સંભાવનાઓ છે. બરફ વર્ષા થશે તો તેની અસર સીધી જ ગુજરાત પર થશે અને પારો ૧૦ ડિગ્રીની નજીક પહોંચવાની સંભાવના છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિ.સે. નોંધાયું હતું જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૫૯ ટકા અને સાંજે ૪૦ ટકા રહ્યું હતું.





ગાંધીનગરની સંસ્થા શોધન ફાઉન્ડેશન દ્વારા યુવા શોધ પ્રતિભા પ્રોજેક્ટ રજૂ કરતા ગુજરાતી મ્યુઝિક આલ્બમ 'મોસમ પ્રેમની'નો વિમોચન કાર્યક્રમ રવિવારે સાંજે ૬ કલાકે બલરામ ભવન સેક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## બિહારમાં એન.ડી.એ.ના પરાજયથી ભાજપમાં સોપો

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એન.ડી.એ.ને પરાજય મળતાં ગુજરાતમાં કોંગ્રેસમાં ઉત્સાહ જોવા મળ્યો હતો જ્યારે ભાજપમાં સોંપો પડી જવા પામ્યો હતો.

બિહાર વિધાનસભાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં મહાગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળવા પામી છે. ૧૭૩ બેઠકો પર વિજય મેળવ્યો છે. જ્યારે એન.ડી.એ.ને માત્ર ૭૦ બેઠકો જ મળવા પામી હતી.

બિહાર ચૂંટણીમાં ભાજપને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણી જંગ જીતવા માટે ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ખાસ કરીને આ ચૂંટણી જંગમાં ભાજપના વરીષ્ઠ નેતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠા દાવ પર લાગેલી હતી. કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના સ્ટાર પ્રચારક હતા.

બિહારમાં ભાજપને મળેલા કારમા પરાજયની અસર ગુજરાતમાં યોજાનારી સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ પર પડે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે. બિહાર ચૂંટણીમાં ભાજપને હાર મળતા ભાજપ કાર્યાલયમાં સોંપો પડી જવા પામ્યો હતો.

# સેકટરોમાં દિવાળી ટાંણે પણ કચરાના ઢગ

**ચોમાસા બાદ જાડી જાંખરા પણ દુર કરાયા નથી : સફાઈના અભાવે સેકટરવાસીઓ પરેશાન : વૃક્ષોને ટ્રીમીંગ પણ કરાયુ નથી**

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં દિવાળી ટાંણે પણ સફાઈ કરવામાં આવી નથી. ચોમાસા દરમિયાન ઉગી નિકળેલા જાડી જાંખરા દુર કરવા તંત્ર દ્વારા સફાઈ અભિયાન પણ આ વર્ષે હાથ ધરવામાં આવ્યુ નથી. જેના પરિણામે સેકટરોમાં જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. સેકટરોમાં ચોમાસા બાદ દરવર્ષે ઉગી નિકળેલી વનસ્પતિ દુર કરવા નવરાત પુર્વેજ સફાઈ કરી દેવામાં આવે છે. પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરો તેમજ મુખ્ય માર્ગો આસપાસ આ કામગીરી કરવામાં આવી નથી.

શહેરમાં સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. સેકટરોમાં દિવાળી ટાંણે પણ કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ત્યારે દરવર્ષે ચોમાસા બાદ જાડી જાંખરા દુર કરવા હાથ ધરવામાં આવતી ઝુંબેશ સ્વરૂપે પણ સ્વચ્છતા અભિયાનનુ મંડાણ થયુ નથી. પાટનગર યોજના વિભાગ દ્વારા દરવર્ષે નવરાત દરમિયાન જ સેકટરોમાં આસપાસના વિસ્તારમાં ઉગી નિકળેલી જાડી જાંખરા દુર કરવા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ આ વર્ષે આ કામગીરી પણ કરવામાં આવી નથી. જેના પરિણામે સેકટરોમાં તેમજ વિવિધ માર્ગોની આસપાસ જાડી વચ્ચે ઉગી નિકળેલી વનસ્પતિ વચ્ચે ગંદકીના ઢગ ખડકાઈ રહયા છે. જ્યારે સેકટરોમાં ફુટપાથ આસપાસ પણ કચરાના ઢગ જોવા મળી રહયા છે. દિવાળી ટાંણે શહેરના હાર્દ સમા વિસ્તારમાં રોશનીનો શણગાર કરી દેવામાં આવ્યો છે.પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્વચ્છતાના મામલે મીંડુ ચિતરાયેલુ જોવા મળી રહયુ છે. ખદબદતી ગંદકી અને કચરાના ઢગ વચ્ચે બિહામણાં દ્રશ્યો સર્જાયા છે. સેકટરોમાં શેરી સફાઈ ઉપરાંત આસપાસના જંગલ વિસ્તારમાં પણ જાડી જાંખરા દુર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ ઉપરાંત સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ પણ ન થતા સ્ટ્રીટ લાઈટના પોલ્સનુ અજવાળુ પથરાતુ નથી.

## પાસના કાર્યકરોએ ફટાકડા ફોડી મહા ગઠબંધનના વિજયને વધાવ્યો

બિહાર વિધાનસભામાં ચૂંટણીમાં મહાગઠબંધનને મળેલા વિજયને ગુજરાતમાં પાસ અને એસ.પી.જી.ના કાર્યકરોએ ફટાકડા ફોડીને વધાવ્યો હતો. બિહારમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં મહાગંઠબંધનનો ભવ્ય વિજય થવા પામ્યો હતો. જ્યારે એન.ડી.એ.ને કારમા પરાજયનો સામનો કરવો પડ્યો છે. ગુજરાતમાં અનામતની માંગ સાથે આંદોલન કરી રહેલ પાસ-એસ.પી.જી.ના કાર્યકરોએ બિહાર વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનને મળેલા વિજયને ફટાકડા ફોડીને વધાવી લીધો હતો.

# ગુજરાતની પ્રજા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને જાકારો આપશે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રજા ભાજપને જાકારો આપશે તેવો ગુજરાતના મતદાર ઉપર પુરો વિશ્વાસ છે એમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

બિહાર વિધાનસભાની ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપને મળેલા કારમા પરાજય અંગે પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આ પરિણામોની અસર આખા દેશમાં પડવાની છે. જે માણસ પ્રધાનમંત્રીની ખુરશીને યોગ્ય ન હોય તેવા આ ખુરશીમાં બેસાડી દેવામાં આવે તેમના માટે આ પ્રધાનમંત્રીની ખુરશી મોટી પડે છે. પ્રધાનમંત્રીની આ ખુરશી ગપ્પા મારવા બકવાશ કરવા કે ખોટા અને મોટા પેકેજોની લોભામણી જાહેરાતો કરી પ્રજાને ગુમરાહ કરવા માટે નથી.

તેમણે જણાવ્યું હતું કે બિહારના પરિણામો જે રીતે આવી રહ્યો છે તે જોતાં ભાજપે અને એન.ડી.એ. બોધપાઠ લઈ વહીવટમાં ધ્યાન આપવું જોઈએ. મોંઘવારીને કાબુમાં રાખવા માટે કોશિષ કરવી જોઈએ. આવા વિશ્વ વિહારી પ્રધાનમંત્રીએ હારની લપડાકથી બોધપાઠ લઈ ભાજપ એન.ડી.એ.ને જો થોડી પણ શરમ આવતી હોય તો નૈતિક રીતે વિચાર કરી પ્રધાનમંત્રી પદેથી રાજીનામુ આપવું જોઈએ.

બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં બિહારના સમજદાર મતદારોએ જે ખોબલે ખોબલે મતદાન કરી ભાજપ એન.ડી.એ.ના પી.એમ.ને જે લપડાક મારી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે એમ શંકરસિંહે જણાવ્યું હતું.



## લાયબ્રેરીથી રોગચાળો ફેલાવાનો ભય

ગાંધીનગરના સે-૧૭ની લાયબ્રેરીમાં નગરના અસંખ્ય યુવાનો નિયમિત વાંચવા માટે આવે છે. આ લાયબ્રેરીમાં ટોયલેટસ તથા વોટરકુલર વગેરેની યોગ્ય સાફ સફાઈના અભાવે બદતર હાલતથી આ યુવાનો ત્રસ્ત છે. અહીં ફેલાયેલી ગંદકીના કારણે રોગજન્ય જીવાણુઓની ઉત્પત્તિનો ખતરો પેદા થયો છે. જે આ બાળકોમાં રોગચાળો ફેલાવોનો ભય પેદા કરી રહ્યો છે. સત્વરે આ ટોયલેટસ અને વોટરકુલરની સ્વચ્છતા માટે પગલા હાથ ધરાય તેવી વાચકો તથા યુવાનોમાં માંગ ઉઠવા પામી છે.

# અહમદ પટેલ અને ભરત સોલંકીએ બિહારના વિજય વધામણા કર્યા

અમદાવાદ, તા. ૮

બિહારની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનના ભવ્ય વિજય અને ભાજપ-એનડીએની કારમી હાર અંગે પ્રતિક્રિયા આપતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવશ્રી અહમદ પટેલે જણાવ્યું હતું કે, બિહારના મતદાતાઓએ આર.જે.ડી., જે.ડી.યુ. અને કોંગ્રેસના મહાગઠબંધન ભવ્ય વિજય અપાવ્યો છે. કોંગ્રેસ, આર.જે.ડી. અને જે.ડી.યુ.ના આગેવાનો અને કાર્યકરોએ રાત-દિવસ મહેનત કરીને જે રીતે પ્રચાર કર્યો તે અભિનંદનને પાત્ર છે અને બિહારના મતદાતાઓએ મહાગઠબંધનમાં મુકેલો વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કર્યો છે.

બિહારની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનના ભવ્ય વિજય અને ભાજપ-એન.ડી.એ.ની કારમી હાર અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, બેફામ નિવેદનબાજી, અહંકારી અને ભ્રષ્ટાચારી ભાજપ અને તેના નેતાઓનો આ કારમો પરાજય છે. બિહારની ચૂંટણીમાં જે મુદ્દાઓ સાથે વાત કરવી જોઈએ તેના બદલે ભાજપ અને તેના વડાએ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ૧૬ મહિનાના શાસનની વાત કરવાને બદલે બિહારના મતદાતાઓ લોભ, લાલચ અને ભય દેખાડ્યો.

બિહારની વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનના ભવ્ય વિજય અને ભાજપ-એન.ડી.એ.ની કારમી હાર અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, બિહારના પરિણામો ભાજપ-એન.ડી.એ. માટે એ દિવાળી પહેલાની સાફ-સફાઈ છે. સાચી દિવાળી દેવદિવાળીએ ગુજરાતના મતદાતાઓ કોંગ્રેસ પક્ષને મત આપીને ઉજવણી કરશે. બિહાર વિધાનસભામાં જે.ડી.યુ.-આર.જે.ડી.-કોંગ્રેસના મહાગઠબંધનના ભવ્ય વિજયની ઉજવણી કોંગ્રેસ પક્ષના મુખ્ય કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે અમદાવાદ શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ચેતન રાવલ, મ્યુનિસિપલ કોર્પોરેશનના નેતાશ્રી બદરૂદ્દિન શેખ, કોંગ્રેસ પક્ષના પ્રવક્તા શ્રી નિશિત વ્યાસ, ડૉ. મનિષ દોશી, હિમાંશુ પટેલ, શ્રી સુરેન્દ્ર બક્ષી સહિતના આગેવાનો કાર્યકરો ઉપસ્થિતિમાં ફટાકડા ફોડીને કરવામાં આવી હતી.